## જન્મદિને વધામણી



કેતન મહેતા
સિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૪૮૫૧૯



હાર્દજ્ઞ ધનંજય જોષી
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



રીટાબેન શાહ
લાયોનેસ ક્લબ



નીતાબેન પી પરમાર
મો. ૯૯૦૯૮ ૬૯૯૭૩



રિદ્ધિ ચિરાગજી ઠાકોર
મો. ૭૬૦૦૫ ૨૫૪૫૨



પ્રિયાંશી કલ્પેશકુમાર સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓના સ્થાપક પૂજ્ય છગનભાની સ્મૃતિમાં કડી મુકામે શનિવારે પૂ. છગનભા વિજયપદ્મ પારિતોષિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે બી પ્રાથમિક શાળાના ૨૧ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કબડ્ડી સ્પર્ધામાં ટીમ પ્રથમ, વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતિય, સ્કેટિંગસ્પર્ધામાં સુજલ ગણેશભાઈ ચૌધરીએ તૃતિય અને ચૅસ સ્પર્ધામાં પ્રેરક યોગેશકુમાર સુખડિયાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરીને શાળા તથા ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં ક્રિસમસ કાર્નિવલ યોજાયો



ગાંધીનગર, તા. ૨૬

આલમપુર ખાતે કાર્યરત અને સીબીએસસી એફિલિયેટેડ શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે 'ક્રિસમસ કાર્નિવલ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાળા ખાતે છેલ્લાં ૩ વર્ષથી બાળકો માટે ઍન્ટરપ્રેન્યરશીપ મૉડલની શરૂઆત કરવામાં આવી છે, જે અંતર્ગત વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતાના પાઠ શીખવવામાં આવે છે. આ ક્રિસમસ કાર્નિવલ દરમિયાન આ મૉડેલ અંતર્ગત ૧૯ વિદ્યાર્થીઓએ ફૂડ અને ગેમ્સ સ્ટોલ્સ લીધા હતા. તે માટે પ્રૉજેક્ટ ફાઈનાન્સ, આઈટમ પરચેઝ, પ્રિપેરેશન અને પ્રમોશનની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીઓએ જ નિભાવી હતી અને આવક-જાવકના હિસાબો પણ જમા કરાવ્યા હતા.

રંગોલી પ્રિસ્કૂલ, સૅક્ટર-૬, ૭, ૨૨, કુડાસણ અને સરગાસણ દ્વારા પણ આ કાર્નિવલમાં ફૂડ અને ગેમ સ્ટોલ્સ રાખવામાં આવ્યા હતા. નાનાં બાળકો માટે મૅજીક શો, પપેટ શો, જંપીંગ જેક અને બૂક ફેર જેવા વિશેષ આકર્ષણો રાખવામાં આવ્યાં હતાં. ઉપરાંત, સાંતા ક્લોઝ બનીને આવેલાં બાળકોની વિશેષ સાંતા પરેડ પણ યોજવામાં આવી હતી.

ગાંધીનગરના આ સૌથી મોટા ક્રિસમસ કાર્નિવલને માણવા વિદ્યાર્થીઓ, વાલીઓ, આમંત્રિતો ઉપરાંત શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રંગોલી ગૃપના ચૅરમૅન પ્રહર અંજારિયા, ડિરેક્ટર અનામિકા અંજારિયા, ટ્રસ્ટી પ્રણવ સોની, આચાર્યા ડૉ. અંજુ વર્મા અને ઍડમિન મૅનેજર પ્રેરક વસાવડાની વિશેષ ઉપસ્થિતિમાં રંગોલી પરિવારના સભ્યોએ આ કાર્નિવલને મન ભરીને માણ્યો હતો.

# સ્કૂલ ઑફ અચિવરમાં 'હોમ અવે ફ્રૉમ હોમ' કાર્યક્રમ









ગાંધીનગર, તા. ૨૬

સ્કૂલ ઑફ અચિવર, કુડાસણની ઓળખ સમો અનોખો કાર્યક્રમ 'હોમ અવે ફ્રૉમ હોમ' કાર્યક્રમ આ વર્ષે પણ યોજવામાં આવ્યો હતો.

વાલીઓ પોતાનાં પાલ્યોને સાંજે ૫.૦૦ કલાકે સ્કૂલમાં મૂકવા આવ્યા હતા અને બીજે દિવસે સવારે ૭.૦૦ વાગ્યે પરત લઈ ગયા હતા. આ દરમિયાન બાળકોએ સ્કૂલને જ પોતાનું ઘર બનાવી લીધું હતું. સ્કૂલનું સમગ્ર મેદાન ૪૦ જેટલા તંબુઓથી છાવણી સમું ભાસતું હતું. વચ્ચે બૉનફાયરના ઉષ્માપૂર્ણ વાતાવરણમાં ગીત, સંગીત, નૃત્ય, અભિનયની મોજ વિદ્યાર્થીઓએ સાથે મળીને માણી હતી. ફોટોઝોન અંતર્ગત વિવિધ ફોટો સ્નેપ કરાવીને તેમણે આ કાર્યક્રમને ચિરંજીવ બનાવી દીધો હતો.

પૂર્ણતઃ કાર્યક્રમ સ્વૈચ્છિક હોવા છતાં ધોરણ-૩થી ૭ના ૬૦૦ કરતાં પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્કૂલ ઑફ અચિવરને સાચા અર્થમાં પોતાનું ઘર બનાવ્યું હતું. આ વિદ્યાર્થીઓને એક દિવસ માટે અવિસ્મરણીય લાડ-દુલાર આપીને ૧૦૦ જેટલા શિક્ષકોએ તેમના માતા-પિતાની ભૂમિકા ભજવી હતી.

## પૂ. છગનભા ખેલોત્સવમાં ઍસ જી સ્કૂલ ઝળકી



સર્વ વિદ્યાલય પરિસર, કડી મુકામે આયોજિત પૂજ્ય છગનભા રમતોત્સવ અંતર્ગત ઍસ જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ લાંબી કૂદ, ૧૦૦ મીટર દોડ, નિબંધ સ્પર્ધા, બેડમિન્ટન, રાઈફલ શૂટીંગ વગેરે સ્પર્ધામાં ભાગ લઈને વિવિધ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યા છે. વ્યાયામ શિક્ષક ચંદ્રેશભાઈ પટેલ અને આચાર્ય મિલી સિંઘ દ્વારા વિજેતા ખેલાડીઓને તેમના સુંદર ખેલ પ્રદર્શન બદલ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ગમતાંનો ગુલાલ કરવા માટે અણગમતા શ્યામ રંગને ભૂંસવો જ પડે

**આવો જીવીએ શાનદાર**
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

થોડા સમય પહેલા હું એક લગ્ન સમારોહમાં ઉપસ્થિત રહ્યો હતો. લગ્નવિધિ ચાલતી હતી. મારી બાજુમાં એક આધેડ વાયનું દંપતી બેઠું હતું. એ દંપતી સાથે થોડી વાતચીત થઈ, થોડી ઓળખાણ કરી. તેઓ કન્યાપક્ષના નજીકના સંબંધી હતા. તેઓ લાંબી મુસાફરી કરીને લગ્નમાં હાજરી આપવા માટે આવ્યા હતા. વાતવાતમાં જાણવા મળ્યું કે લગ્નમાં ઉપસ્થિત રહેવાની તેઓની જરા પણ ઈચ્છા ના હતી પણ એક વ્યવહાર સાચવવા માટે, યજમાનને માઠું ના લાગે, દૂઃખ ના લાગે એટલે લગ્નમાં હાજરી પુરાવી. મે પુછ્યું ''યજમાન તો તમારા ખૂબ જ નજીકના સંબંધી થાય છે તો પણ આવું કેમ?'' દંપતીએ આપણી આંખ ઉઘાડી નાખે એવો ઉત્તર આપ્યો. તેઓએ કહ્યું કે ''સામાજિક રીતે સંબંધો ભલે ગમે એટલા નજીકના હોય પણ એ નજીકના દરેક સંબંધીઓ આપણને ગમતા જ હોય એવું તો નથી જ. સંબંધીઓ આપણને અણગમતા હોય તો પણ ના છૂટકે તેની સાથેના આપણાં સામાજિક વ્યવહારો સાચવવા જ પડે છે, ગાલ ઉપર તમાચો મારીને લાલ રાખવા પડે છે.

વ્યક્તિને કેટલાક સંબંધો અને સંબંધીઓ જન્મજાત વારસામાં મળતાં હોય છે. દરેક સંબંધને પણ એક નામ હોય છે. બાપ-દીકરો-દીકરી, માં-દીકરી-દીકરો, ભાઈ-બેન, કાકા-કાકી -ભત્રીજા, મામા-મામી-ભાણેજ, નાના-નાની-દોહિત્ર. કેટલાક સંબંધો અને સંબંધીઓ જન્મજાત નથી હોતા પણ વ્યક્તિના જન્મ પછી સમયાંતરે સંબંધો બંધાતા હોય છે. જેમ કે પતિ-પત્ની, પ્રિયતમ-પ્રિયતમાં, બનેવી-સાળા-સાળી, સાસુ-સસરા-પુત્રવધૂ, સાસુ-સસરા-જમાઈ, દિયર-નણંદ-ભોજાઈ, મિત્ર-મિત્ર, સખા-સખી અને ગુરુ-શિષ્ય. આ સંબંધોમાં પણ કેટલાક પોતાની પસંદગીના હોય છે તો કેટલાક અન્ય સંબંધોના નાતે સંબંધીઓ થયા હોય છે. આ બધા જ સંબંધો સામાજિક રીતે નજીકના સંબંધો ગણાય અને સામાજિક રીતરિવાજો પ્રમાણે સંબંધોને સાચવવા પડે છે, નિભાવવા પડે છે, શુભ-અશુભ, સારા-નરસા પ્રસંગોએ એ સંબંધીઓને ત્યાં હાજરી આપવી પડે છે અને સામાજિક વ્યવહારો સાચવવા માટે વ્યવહારો કરવા પડે છે. પેલા દંપતીએ પોતાની લાગણી વ્યક્ત કરી એમ સંબંધો ભલે નજીકના હોય પણ દરેક નજીકના સંબંધીઓ આપણને ગમતા જ હોય એવું નથી. સંબંધ જુદી વસ્તુ છે અને સંબંધીઓ પણ જુદી વસ્તુ છે. સંબંધો કોઈપણ પ્રકારના હોય, સંબંધો તો વ્યક્તિને ગમતા જ હોય છે પણ બધા જ સંબંધીઓ વ્યક્તિને ગમતા જ હોય એવું તો નથી જ.

વ્યક્તિને કેટલાક સંબંધો અણગમતા ના હોય પણ સંબંધીઓ અણગમતા હોય શકે. ઉદાહરણ તરિકે વ્યક્તિને બે કાકી હોય. વ્યક્તિને કાકી-ભત્રીજા-ભત્રીજીનો સંબંધ તો ગમતો જ હોય પણ બેમાંથી એક કાકી ના ગમતી હોય ને બીજી કાકી ગમતી હોય. આવું કોઈપણ પ્રકારના સંબંધોમાં બની શકે છે કારણ કે ગમો-અણગમો એ વ્યક્તિની પોતાની પસંદગી, પોતાના અભિગમ, પોતાના સ્વભાવ અને પોતાના જીવનમૂલ્યો ઉપર આધાર રાખે છે. પોતાના સંબંધોને લઈને દરેક વ્યક્તિના મનમાં કેટલાક સવાલો ઉઠતા જ હશે કે, ''મને ના ગમતા, મને અણગમતા સંબંધીઓનો ભાર હું શા માટે વેંઢારતી રહું છુ? શા માટે મને ના ગમતા સંબંધીઓ સાથેના સંબંધોમાં વહેલી તકે પૂર્ણવિરામ નથી મૂકી દેતી? શા માટે અણગમતા સંબંધીઓ સાથેના સંબંધો સાચવવા માટે હું સતત ખેંચાયા કરું છુ અને સાથ સાથે ખર્ચાયાં પણ કરું છુ? શા માટે અણગમતા સંબંધો મને- કમને જીંદગીભર નિભાવ્યે જાઉં છુ ? આવા પ્રશ્નોનાં જવાબ વ્યક્તિને ક્યારેક મળે છે ક્યારેક નથી મળતાં.

વ્યક્તિ પોતાના અણગમતા સંબંધોને જેમતેમ કરીને નિભાવ્યા કરે છે તેના કારણોનું વિશ્લેષણ કરતાં એવું લાગે છે કે એક તો વ્યક્તિને સમાજનો ડર લાગે છે. પોતે પોતાને અણગમતા સંબંધીઓ સાથેના સંબંધો તોડી નાખશે કે ઓછા કરી નાખશે તો સમાજ પોતાને શું કહેશે? પોતે અણગમતા સંબંધીઓ સાથેના સંબંધોમાં પૂર્ણવિરામ મૂકી દેશે તો પોતાના કેટલાક સંબંધીઓ પોતાની સાથેના સંબંધોમાં પણ પૂર્ણવિરામ મૂકી શકે છે. અણગમતા સંબંધીઓ તો ઘણાબધા હોય, તો બધાની સાથે સંબંધોનો અંત લાવી દઈએ તો પોતાના સંબંધીઓ કેટલા રહે અને સંબંધો પણ કેટલા બચે ? વ્યક્તિને કદાચ એવો પણ ડર હોય છે કે બધા જ અણગમતા સંબંધોનો અંત લાવી દેશે તો કદાચ એવું પણ બને કે વ્યક્તિના મૃત્યુ સમયે તેના શબને કાંધ આપવા વાળી ચાર વ્યક્તિ પણ ના મળે. કોઈપણ સંબંધીઓ એમ જ, આપમેળે અણગમતા નથી થઈ જતાં. સંબંધી અણગમતા થવાનું કારણ તેઓનું આપણી સાથેનું વર્તન, તેઓનો આપણી સાથેનો વ્યવહાર, તેઓનો સ્વભાવ અને તેઓના અભિગમ હોય છે. ઘણીવાર વ્યક્તિને પોતાના સંબંધીઓના ચહેરાઓ પણ નથી ગમતા. અહી વાત સુંદરતાની નથી. વ્યક્તિનો ચહેરો સુંદર હોય તો પણ એ વ્યક્તિ અણગમતી હોય એવું બને અને ચહેરો સુંદર ના હોય તો પણ એ સંબંધી ગમતી હોય. વ્યક્તિના ગમા-અણગમા ચહેરાની નહીં પણ માંની સુંદરતા ઉપર આધાર રાખે છે. કેટલાક સંબંધીઓની આદત પણ એવી હોય છે કે એ આદતોને કારણે વ્યક્તિને સૂગ પેદા થાય છે અને તે વ્યક્તિ અણગમતી બની જાય છે. કારણ કોઈ પણ હોય, એકવાર કોઈ સંબંધી વ્યક્તિ માટે અણગમતી બની જાય પછી તેને ગમતી કરવામાં ક્યારેક લાંબો સમય નીકળી જાય છે અને કદાચ એવું પણ બને કે મોટાભાગના સંબંધીઓ જે અણગમતા હોય તેઓ જિંદગી પર્યંત અણગમતા જ રહે છે. અણગમતા ક્યારેક ગમતા થઈ શકતા જ નથી. (ક્રમશઃ)



**ડેઈલી કરંટ**
દર્શન મારૂ
95862 87447

(૧) સૌથી વધુ મહિલા પાયલટ ધરાવતો દેશ કયો ?
(એ) અમેરિકા
(બી) ચીન
(સી) ભારત
(ડી) શ્રીલંકા

(૨) કયા રાજ્યના મુખ્યમંત્રી વિરભદ્રસિંહે પોતાના પદ પરથી રાજીનામું તાજેતરમાં આપી દીધું છે ?
(એ) પંજાબ (બી) હિમાચલ પ્રદેશ
(સી) આસામ (ડી) હરિયાણા

(૩) ભારતના કયા રાજ્યમાં હંમેશાં વિજયી યુદ્ધ અભ્યાસ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે ?
(એ) રાજસ્થાન (બી) બિહાર
(સી) ઉત્તરાખંડ (ડી) ત્રિપુરા

(૪) કયા રાજ્યની સરકાર બાબુઘાટનો વિકાસ કરશે ?
(એ) બિહાર (બી) ગોવા
(સી) કેરલ (ડી) બંગાળ

(૫) કેન્દ્ર સરકારે તાજેતરમાં જ કેટલા મંગા ફૂડ પાર્ક સ્થાપવાની મંજૂરી આપી છે ?
(એ) ૪૨ (બી) ૫૦
(સી) ૫૨ (ડી) ૬૨

(૬) તાજેતરમાં કયા અભિનેતાને પંજાબ રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે ?
(એ) અનુપમ ખેર (બી) સોનુ સૂદ
(સી) શાહરૂખ ખાન (ડી) નસીરુદ્દીન શાહ

(૭) કયા ખેલાડીએ નેશનલ બેડમિંટન ચેમ્પિયનશીપમાં અન્ડર-૧૯ અને અન્ડર-૧૭નો ખિતાબ જીત્યો છે ?
(એ) આકૃતિ સિંહ (બી) પ્રાચી સિંહ
(સી) પ્રતિભા શર્મા (ડી) આકર્ષિ કશ્યપ

(૮) તાજેતરમાં એમઆઈ-૮ પ્રતાપ હેલિકોપ્ટર્સને રિટાયર કરવા માટે કયા શહેરમાં સમારોહ યોજાયો હતો ?
(એ) હૈદરાબાદ (બી) બેંગલુરુ
(સી) ચેન્નાઈ (ડી) દિલ્હી

(૯) ૨૦૧૭માં વિશ્વ સંતરા ઉત્સવ કયા શહેરમાં યોજાયો હતો ?
(એ) પટના (બી) દિલ્હી
(સી) નાગપુર (ડી) મુંબઈ

(૧૦) સબાસ્ટિયન પિનેરાએ કયા દેશના રાષ્ટ્રપતિ પદની ચૂંટણી તાજેતરમાં જીતી છે ?
(એ) હોંડુરાસ (બી) ચિલી
(સી) સ્લોવેનિયા (ડી) ઈજિપ્ત